# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.</u>

**<u>ધોરણ-૧૦ બાદ I.T.I. નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ પૂર્ણ કરેલ હોય અને તે માટેની N.C.V.T કે G.C.V.T ની આગામી જુલાઇ-ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧ માં લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા ITI ના તાલીમાર્થીઓ માટે અંગ્રેજી દ્વિતિય ભાષા(૦૧૩) વિષય માટે સપ્ટેમ્બર માસમાં પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવા માટેની સુચના</u>**

**<u>સમયગાળો:- તા-૦૧-૦૯-૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી ૦૯-૦૯-૨૦૨૧ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી.</u>**

[દરેક ઉ.મા. સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ ધરાવતી શાળાઓએ ITI નું આવેદનપત્ર ભરી આપવું ફરજીયાત છે.]

ચાલુ વર્ષે ITI ના GCVT/NCVT અભ્યાસક્રમના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓ ધોરણ-૧૨નું શૈક્ષણિક સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી શકે તેવા હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ અંગ્રેજી(દ્વિતિય ભાષા-૦૧૩) ની પરીક્ષા સપ્ટેમ્બર માસમાં લેવામાં આવશે. તે માટેના આવેદનપત્ર તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૦૯/૦૯/૨૦૨૧ સુધીમાં બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી ભરવાના રહેશે.ઉમેદવાર(તાલીમાર્થી) નજીકની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત કોઇપણ ઉચ્ચત્તર માધ્યમિક શાળા(સામાન્ય પ્રવાહ)માંથી આવેદનપત્ર ભરી શકશે. આવેદનપત્ર સાથે નિયત નમૂનાનું બોનાફાઇડ સર્ટીફીકેટ(તેઓ જે ITI સંસ્થામાં અભ્યાસ કરતા હોય તે સંસ્થામાંથી મેળવવું) તેમજ ધોરણ-૧૦ ની માર્કશીટ અને એલ.સી.ની નકલ અપલોડ કરવાની રહેશે. પરીક્ષા ફી રૂ.૧૪૦/- રહેશે. જે ફોર્મ સાથે શાળા મારફતે ઓનલાઇન ભરવાની રહેશે. મહિલા તાલીમાર્થી અને દિવ્યાંગ તાલીમાર્થીઓને ઉપરોકત ફી માંથી મુક્તિ આપવામાં આવશે.

**<u>ખાસ નોંધ</u>**:- ચાલુ વર્ષના ITI ના NCVT અને GCVT ના અંતિમ સેમેસ્ટરના તાલીમાર્થીઓ જ આ પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે અને માત્ર ધોરણ-૧૨ અંગ્રેજી(૦૧૩) વિષય માટે જ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે અને જે તે જિલ્લા મથકે બોર્ડ દ્વારા નક્કી કરેલા કેન્દ્રો પર લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

## ➢ **આવેદનપત્ર ભરતા પહેલાની પૂર્વ તૈયારી માટેની સુચના :**

- ✓ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની સપ્ટેમ્બર-૨૦૨૧ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ITI ના પૃથ્થક ઉમેદવારના આવેદનપત્રો ઓનલાઇન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા મારફતે ભરવાના રહેશે.
- ✓ ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા તમામ ઉમેદવારોના ફોટોગ્રાફ તથા અન્ય જરૂરી documents સ્કેન કરી તેમના ટૂંકા નામથી અથવા ITI Enrollment Number પ્રમાણે save કરી એક ફોલ્ડરમાં અગાઉથી મુકી રાખવા.
- ✓ ફોટોગ્રાફની ઇમેજ 100 PXL(W) X 120 PXL(H) તથા તેની 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. તે જ પ્રમાણે પ્રત્યેક ઉમેદવારની સહી કાળી સહીથી કરાવવી. સ્કેન કરી અલગ ફોલ્ડરમાં ઉમેદવારના ટૂંકા નામથી save કરી રાખવી. તેની સાઇઝ પણ 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. સહીની ઇમેજ 100 PXL(W) × 120 PXL(H) તથા 5 KB થી વધુ અને 20 KB થી ઓછી હોવી જોઇએ. ( ઇમેજ **Browse** કરી **upload** પર ક્લીક કરવાથી **Upload** કરેલી **Image Form** પર દેખાશે.)
- ✓ ધો. ૧૦ની માર્કશીટ, ધોરણ-૧૦ બાદનું લીવીંગ સર્ટીફીકેટ તેમજ ITI ના પ્રિન્સીપાલ દ્વારા આપવામાં આવેલ નિયત નમૂનાનું બોનાફાઇડ સર્ટીફીકેટની ઇમેજની સાઈઝ 5 KB થી વધુ અને 100 KB થી ઓછી હોવી જોઇએ.
- ✓ જો આપની શાળામાં દિવ્યાંગ ઉમેદવાર હોય તો તેના મેડીકલ સર્ટીફીકેટ પણ save કરી રાખવાનાં રહેશે. સર્ટીફીકેટની ઇમેજ સાઈઝ 20 KB થી વધુ અને 200 KB થી ઓછી હોવી જોઇએ.
- ✓ ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો તા.૦૧-૦૯-૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી ૦૯-૦૯-૨૦૨૧ સાંજે ૧૭.૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે. ચલણ અંતિમતારીખ બાદ ૭ દિવસ સુધી ભરી શકશે.

## **ઓનલાઇન આવેદનપત્ર ભરવાની પ્રકિયા**

- ✓ સૌ પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ www.gseb.org ઓપન કરવાની રહેશે.
- ✓ તેમાં **Online** Application for ITI Students(HSC GENERAL – English Subject Exam) ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા નીચે દર્શાવેલ વેબસાઇટ ઓપન કરવી. http://hscexamreg.gseb.org

- ✓ ઉપરની વેબસાઇટ પર ક્લીક કરવાથી **STUDENT EXAMINATION REGISTRATION** ફોર્મ નું અલગ પેજ ઓપન થશે.
- ✓ **Login ID** અને **Password** એન્ટર કર્યા પછી **Login** ના **Button** પર ક્લીક કરવું.
- ✓ **Student Examination Registration** ના પેજ પર HSC **General** ધોરણ-૧૨ના વિદ્યાર્થી માટે ફોર્મ ભરવાનું Option દેખાશે, જેના પર ક્લીક કરવાનું રહેશે. તે ક્લીક કરતા **Student Examination Registration** નું ફોર્મ ઓપન થશે. જેમાં જમણી બાજુ ઊપર આપની શાળાનો સ્કુલ ઈન્ડેક્ષ નંબર, શાળાનું નામ અને શાળાનો **Contact Number** દેખાશે. જે ચકાસી લેવું.

## ➢ <u>લોગીન કરવાની પ્રક્રિયા</u>:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી ઉચ્ચતર માધ્યમિક (સામાન્ય પ્રવાહ) ની કોઇપણ શાળા પોતાના હાલ કાર્યરત Index Number અને Password થી લોગીન કરવાનું રહેશે. શાળાઓએ પોતાના જુના પાસવર્ડ દ્વારા Login કરી શકશે, જો પાસવર્ડ યાદ ન હોય તો Reset password ના option પર click કરી આપનો પોતાનો પાસવર્ડ Reset કરી School Registration નોંધાયેલ મોબાઇલ અથવા EMAIL પર મેળવી શકાશે.

**ધોરણ-૧૦ બાદ I.T.I. નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ પૂર્ણ કરેલ હોય અને તે માટેની N.C.V.T કે G.C.V.T ની આગામી જુલાઇ-ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧ માં લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા ITI ના વિદ્યાર્થીઓ માટે સપ્ટેમ્બર -૨૦૨૧ પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવા મુખ્ય સુચનાઓ**

**ITI ના પૃથક ઉમેદવારની સપ્ટેમ્બર-૨૦૨૧ માં ઉપસ્થિત થવા માટેની પાત્રતા**

- વિદ્યાર્થી ધોરણ-૧૦ પાસ હોવો જોઇએ.
- વિદ્યાર્થી દ્વારા ધોરણ-૧૦ વર્ષ-૨૦૧૯ કે તે પહેલા પાસ કરેલું હોવું જરૂરી છે. વર્ષ-૨૦૨૦ કે ૨૦૨૧ માં પાસ હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષાને પાત્ર રહેશે નહી.
- બોર્ડની સપ્ટેમબર-૨૦૨૧ પરીક્ષામાં પૃથક ઉમેદવાર તરીકે અંગ્રેજી વિષયની પરીક્ષા ફકત ધોરણ-૧૦ બાદ I.T.I. નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ પૂર્ણ કરેલ હોય અને તે માટેની N.C.V.T કે G.C.V.T ની આગામી જુલાઇ-ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૧ માં લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર પરીક્ષાર્થી જ આપી શકશે. જેનું બોનાફાઇડ સર્ટીફીકેટ નિયત નમૂનામાં અરજદારે પોતાની ITI માંથી મેળવવાનું રહેશે.
- વિદ્યાર્થી છેલ્લા વર્ષમાં અંતિમ સેમેસ્ટર/વર્ષમાં અભ્યાસ કરે છે તે અંગેનું નિયત નમુનાનું બોનાફાઇડ સર્ટીફીકેટ વિદ્યાર્થી પાસે હોવું જરૂરી છે.
- જુલાઇ-૨૦૨૧ પહેલા ITI પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષાને પાત્ર રહેશે નહી.
- ઉમેદવારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના અંગ્રેજી દ્વિતિય ભાષા(વિષય કોડ-૦૧૩) ની પરીક્ષા માટે આવેદન કરવાનું રહેશે.
- વિદ્યાર્થી ITI ના જે કોર્ષના છેલ્લા સેમેસ્ટર/વર્ષમાં છે તે ૨ વર્ષનો હોવો જોઇએ અને માન્ય યાદી પૈકી હોવો જોઇએ.

# <u>આવેદનપત્ર ભરવા માટેની સામાન્ય સુચના</u>

➢ **<u>Student's General Information:-</u>**

<u>જે કિસ્સામાં જે માહિતી આપોઆપ ભરાઇને આવતી નથી તે માહિતી ભરવા માટેની સામાન્ય સુચનાઓ નીચે મુજબ છે</u>.

- ✓ વિદ્યાર્થીની **Surname, Name** અને **Father's Name, Date of Birth** ટાઇપ કરવાનું ફરજીયાત છે.
- ✓ Student Id અને Application No.માં આચાર્યશ્રીએ કોઇ પણ એન્ટ્રી કરવાની રહેશે નહી. ફોર્મ save કર્યા પછી કોમ્પ્યુટરમાં પોતાની મેળે Student ID અને એપ્લીકેશન નંબર ફાળવશે. **Date Of Admission in ITI** માં ઉચ્ચતર માધ્યમિક ITI ના કોર્ષમાં દાખલ થયા મુજબની તારીખ બોનાફાઇડ સર્ટીફીકેટમાં જોઇ એન્ટર કરવી.
- ✓ વિદ્યાર્થીએ અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપવાની હોઇ Medium માં English સિલેક્ટ કરેલું દેખાશે.
- ✓ શાળામાં એક રજીસ્ટરમાં આવા ITI ના વિદ્યાર્થીઓને નોંધી રાખવા અને તેમને આપેલ નંબર ITI Form Number In School માં લખવો
- ✓ **Fathers Profession** અને **Fathers Income** માં યોગ્ય માહિતી **Select** કરી ભરવી.
- ✓ **Male / Female** ના યોગ્ય **Button** પર **Click** કરી **Select** કરવું.
- ✓ પરીક્ષાર્થીનો **Aadhar Card Number** તેના બોક્ષમાં ભરવાનો રહેશે. **(Aadhar Card Number ભરવો ફરજીયાત નથી).**
- ✓ **Domicile** માં વિદ્યાર્થીએ મુળવતન **Select** કરવાનું રહેશે.
- ✓ જો વિદ્યાર્થી **BPL** વિદ્યાર્થી હોય તો **BPL** પર **(Yes) Select** કરી **BPL Card Number Enter** કરવાનો રહેશે.
- ✓ જો ઉમેદવાર **Minority Candidate** હોય તો **(Yes) Select** કરી **Muslim** અથવા તો **Other Select** કરવાનું રહેશે.
- ✓ જો વિદ્યાર્થી વિધવા માતાનું સંતાન હોય તો **(Yes) Select** કરવાનું રહેશે.
- ✓ Child UID (As per UDISE) માં ૧૮ આંકડાનો SSA ની UDISE System મુજબ વિદ્યાર્થીનો જે નોંધણી નંબર હોય તે ભરવાનો રહેશે. (આ માહિતી ભરવી ફરજીયાત નથી).

- **Contact Information:-**

  - ✓ કોન્ટેક્ટ ઇનફોર્મેશનમાં વિદ્યાર્થીના રહેઠાણનું સરનામું **Father's / Mother's / Guardian's Permanent Address** ના કોલમમાં ગામનો પીનકોડ, જિલ્લાના નામ સહિત દર્શાવવું તથા ફોન નંબર કે મોબાઇલ નબંર અચૂક દર્શાવવો. Email ID લખવું ફરજીયાત છે.

- **Physical Disability Information:-**

  - ✓ **Physical Disability Detail** માં જો ઉમેદવાર 40% થી વધુ વિકલાંગતા ધરાવતા હોય તો Is Disabled? ના સામે YES માં ક્લીક કરવું. ત્યારબાદ DISABILITY ટાઇપમાંથી જે લાગુ પડતુ હોય તે ડ્રોપબોક્ષમાંથી સીલેક્ટ કરી ક્લીક કરવાનું રહેશે. વિકલાંગતાનું પ્રમાણપત્ર save કરેલ હોય ત્યાંથી બ્રાઉજના બોક્ષ પર ક્લીક કરીને તેજ ફાઇલમાં અપલોડ કરવાનું રહેશે તથા Image ની Size 20 KB થી વધુ અને 200 KB થી ઓછી હોવી જોઇએ.

- **Standard 10th passing information:-**

  - ✓ વિદ્યાર્થીઓએ પાસ કરેલ SSC બોર્ડની પરીક્ષાની માહિતી ભરવાની રહેશે. જેમ કે પાસ કરેલ પરીક્ષાનો વર્ષ, કયા બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરેલ છે તે સીટ નંબર લખવું ફરજીયાત છે. તેમજ Handicap નો લાભ મળેલ હોય તે પણ દર્શાવવાનું રહેશે. અન્ય બોર્ડમાંથી આવેલ વિદ્યાર્થીઓના માઇગ્રેશન સર્ટીફીકેટ તથા સમકક્ષતા સર્ટીફીકેટ/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર upload કરવાના રહેશે. બંને સર્ટીફીકેટ ની Size 15 KB થી વધુ અને 100 KB થી ઓછી હોવી જોઇએ.

- **ફી સંદર્ભે ખાસ સૂચના:-**

  - ✓ વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવાની થતી નથી. વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓના ફોર્મમાં તેની પરીક્ષા ફી ની વિગત ચકાસી લેવી જે શૂન્ય રહેશે. આ રકમ આપને Fee Reportમાં આપોઆપ બાદ થયેલ (Exemption For ની નીચે) દેખાશે અને કુલ બાદ મળેલ રકમ(Total Amount Exempted ની સામે) દેખાશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીનીઓ અને અન્ય વિદ્યાર્થીનીઓની બાદ થયેલી રકમનો

રીપોર્ટ ઉપરના મેન્યુ માં રીપોર્ટ સેકશનમાં Fee Exemption Report ની અંદર દેખાશે. જે Download કરી આપની પાસે સાચવી રાખવાની રહેશે.

- ✓ કોઇપણ પ્રકારની વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની ફી લેવાની થતી નથી.

- **<u>Certificate:-</u>**

નીચે મુજબના તમામ દસ્તાવેજ(Document) Scan કરી અપલોડ કરવા ફરજીયાત છે.

1) S.S.C Marksheet
2) School Leaving Certificate
3) I.T.I Principal Bonafide Certificate(2020)

- **<u>Candidate Sign:-</u>**

- ✓ CANDIDATE SIGN – BROWSE કરી UPLOAD કરવી.
  ત્યારબાદ ફોર્મ save કરવું.
- ✓ **Save** કર્યા પછી વિદ્યાર્થીનો I.D. NO. નોંધી રાખવાનો રહેશે. શાળાના અન્ય વિધાર્થીનું ફોર્મ ભરવા માટે Add New Record ના બટન પર ક્લીક કરવાનુ રહેશે. આ રીતે એક પછી એક વિધાર્થી ના ફોર્મ ભરી શકાશે.
  ફી Detail ની અંદર નિયત ફી દેખાશે.
- ✓ Student Application No. અને Student Id આ બન્ને નંબરો આપની કક્ષાએ નોંધી રાખવાના રહેશે.

**Ex: Student Application no.(એપ્લીકેશન ક્રમનંબર): HS/IS/ITI/00/001//01/20/000001**

- **<u>Application ની Print લેવા માટે :-</u>**
  - ✓ મુખ્ય પેજ ઉપર આવેલ Menu Bar પર આવેલા Options માંથી Principal Approval પર click કરવું.
  - ✓ Exam month and year અને વિદ્યાર્થીની કોઈ પણ વિગત Select અથવા એન્ટર કરવી અને Search પર ક્લીક કરવુ. નીચે બોક્ષમાં વિદ્યાર્થીઓની તમામ વિગતો Student. I.D, STD., Application No. વગેરે દેખાશે. જેને view પર કલીક કરી ત્યારબાદ પ્રિન્ટ પર કલીક કરી શાળાએ વિદ્યાર્થીના આવેદનપત્રની પ્રિન્ટ કાઢવાની રહેશે. ત્યારબાદ view પર ક્લીક કરવુ. અને print પર ક્લીક કરવુ. Principal Approval કરવા માટે Principal Approval સામેના ચેક બોકસ પર કલીક કરવુ. માત્ર Principal Approval વાળા વિદ્યાર્થીઓની યાદી જ માન્ય ગણવામાં આવશે. **Principal Approval કરેલ ન હોય તેવા ઉમેદવારોને પરીક્ષાને પાત્ર ગણવામાં આવશે નહી અને હોલ ટીકીટ ફાળવવામાં આવશે નહી.**

- **<u>Application માં Edit કરવા માટે:-</u>**

એપ્લીકેશનની Edit કરવા માટે Menu bar માં Search and Edit માં જવું અને HSC General અને **<u>Year – 2021</u>** સીલેક્ટ કરી search પર ક્લીક કરવું. પછી Edit પર ક્લીક કરવુ અને application edit કર્યા પછી Save પર ક્લીક કરવુ.

- ✓ Principal Approval ન થયા હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ફોર્મના ઉપરના ભાગે દેખાશે.
- ✓ Principal Approval ન થયા હોય તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ ફી ના રીપોર્ટમાં થશે નહી જેની નોંધ લેવી.
- ✓ **શાળાના આચાર્યશ્રીને ખાસ જણાવવાનું કે આવેદનપત્રમાં ભરવામાં આવેલી માહિતીની ખરાઇ વિદ્યાર્થી અને વાલી સાથે કરવાની રહેશે અને ત્યારબાદ જ Principal Approval કરવાનું રહેશે. આવેદનપત્રની એક કોપી વિદ્યાર્થીને ફરજીયાત આપવાની રહેશે. વિદ્યાર્થીને તેને લાગુ પડતા અભ્યાસક્રમની સમજુતી પણ આપવાની રહેશે.**

**<u>શાળાએ નીચે મુજબના Documents સાચવી રાખવાના રહેશે અને બોર્ડ સુચના આપે તે મુજબ મોકલી આપવાના રહેશે.</u>**

**<u>1. Student Registration Form</u>**

વિદ્યાર્થીના Registration Form ની એક કોપી શાળાએ પોતાની પાસે યાદીમાં રાખવી. અને વિદ્યાર્થીઓની યાદીનો Report પ્રિન્ટ કરી સાચવી રાખવાની રહેશે. (બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે.)

- વિકલાંગ વિદ્યાર્થીના વિકલાંગતા સર્ટીફીકેટ વિગેરે ચકાસી ખરી નકલ કરી (બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે).
- ગુજરાત બોર્ડ સિવાયના બોર્ડમાંથી ધોરણ-૧૦ પાસ કરીને આવેલ વિદ્યાર્થીના ગુણપત્રક/પ્રમાણપત્ર વિગેરે ખરાઇ કરી તેની નકલો (બોર્ડ જણાવે ત્યારે મોકલી આપવાની રહેશે.).

3. **<u>SBI E-Pay Receipt Copy</u>**

શાળા દ્વારા ચૂકવાયેલ છેલ્લા Payment ની Receipt તથા Pending Fee 00 (શૂન્ય) વાળા Fees Report ની બે કોપી બોર્ડ જણાવે ત્યારે નીચેના સરનામે મોકલી આપવાની રહેશે.

**સહી/-**
**(ડૉ. અવનીબા મોરી)**
**નાયબ નિયામક(પરીક્ષા)**
**ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,**
**ગાંધીનગર.**